પ્રસ્તાવના.

પુજ્ય મહાશય

આપના હાથમાં આ ચોપડી આવ્યા પછી આપ સાહેબ અજાયબ થશો નહીં, પરંતુ સંભાળ પુર્વક પહેલેથી છેલે સુધી વાંચી જશો તો આપની ખાત્રી થશે કે આપના પાસેથી જે કીંમત લેવામાં આવી છે તેના પ્રમાણમાં આપને જે ઉપદેશ મળેલો છે તે ઉપદેશથી આપ કોઇ પણ જાતનો ધંધો નાના પાયા ઉપર ખેડવાને ઉત્સાહી થશો અને ધીરે ધીરે વધીને મન માનતી મોજ સોખ મોટાઇ અને દોલત મેળવી શકશો, જ્યારે એ પ્રમાણે થશે ત્યારે આપને ખાત્રી થશે કે આપને, ખરેખર સોનુ બનાવવાનો કીમીઓ આપવામાં આવ્યો છે.

"સોનુ બનાવવાનો કીમીયો"

મહાશય આપને સોનું બનાવવું છે! તો ધ્યાનથી વાંચો આ સેવક આપને વિનંતી કરીને કહે છે કે સોનાનાં ઝાડ ઉગે છે! સોનાનાં ઝાડને થડ હોય છે! સોનાના ઝાડને ડાળાં, પાંદડાં, ફળ, ફુલ, બીજ કાંઇ હોય છે? આ બધા પ્રશ્નોના જવાબ આપની તરફથી શું મળશે! નહીં! ત્યારે આ સેવક આપને ખાત્રી કરી આપશે કે સોનાનાં ઝાડ ઉગે છે, સોનાના ઝાડને થડ, ડાળાં, પાંદડાં, ફળ, ફુલ, બીજ હોય છે અને તેની ખેતી થાય છે.

મહાશય આપ કોઇ પણ જાતનો ધંધો રોજગાર અથવા નોકરી કાંઇ પણ કરો છો? જો કાંઇ પણ કરતા હો તો સારી વાત છે આપને શું આવક છે તે કાંઇ હું જાણતો નથી પરંતુ જો કોઇ પણ જાતનો ઉદ્યોગ કરતા હશો તે કાંઇ પણ આવકતો હશેજ આપને જે કાંઇ આવક હોય તેમાંથી અમુક ભાગ

બચાવી શકશો અને કરેલા બચાવમાંથી આપના ધંધાની વૃદ્ધિ કરી શકશો, જો આવક એવા પ્રકારની હોય કે તેમાંથી ખરચ પણ પુરૂં થઇ શકતું નહી હોય અથવા બીલકુલ ધંધા રોજગારથી બેકાર હો અથવા જે કાંઇ કરતા હો તે રૂચી કર નહીં હોય, અને કાંઇ નવુંજ કરવાની ઇચ્છા હોયતો શું કરવું! પ્રથમ જે શહેરમાં અથવા ગામમાં આપ રહેતા હો તે જગ્યાએ તપાસ કરોકે તમને સર્વેથી સુખી અને શ્રીમંત માણસ કોણ દેખાય છે, અને તે માણસ કેવી રીતે સુખી થયો તેની તપાસ કરો. જો બાપની કમાઇવાળો (ગર્ભ શ્રીમંત) માણસ સુખી દેખાય તો તેની ઉપર નજર નહીં કરતાં આપ કમાઇવાળા ઉપર વધારે લક્ષ રાખો, આપ કમાઇ કેવી રીતે કરવી તેનો રસ્તો સોધો, વચમાં નડતી મુશ્કેલીને દુર કરો, તમે એક નાના ગામડામાં રહેતા હોતો તમારા સગા કુટુંબીઓની રજા લઇને

મ્હોટા શહેરમાં જાઓ, મ્હોટા શહેરમાં જવા પછી જો તમારી પાસે કાંઇ મુડી હોય તો તેનાથી નાના પાયા ઉપર વહેપાર ખેડો, અથવા કોઇ પણ જાતનો હુન્નર શીખવા પ્રયત્ન કરો. નકટ ચાકરીની આશા રાખસો નહીં, એકજ વહેપાર અથવા હુન્નરને હાથમાં પકડી રાખો, અને તેમાંથી જે આવક થાય તેના પ્રમાણમાં ખરચ રાખો, કર કસરથી કાંઇ પણ બચાવ કરો, કરેલા બચાવમાંથી આગળ વધવાનો પ્રયત્ન કરો નાસીપાસ થયા વગર અને કંટાળો લાવ્યા વગર જે હુન્નર ઉદ્યોગ અથવા વહેપારમાં મનને રોકેલું હોય તે ચાલુ રાખો, અને નવાને સોધતા રહો જુના ને છોડસો નહી મનની અભીલાશાઓને ઉંચી રાખો, વર્તમાન કાળમાં તમને જે લાભ મળતો હોય તેમાંથી મોટા શેનશાહના મહાલય જેવું સુખ મેળવવા જો તમો ધારસો તો મેળવી શકસો, તમારા મનની વૃતી ઉપર કાબો

આધાર છે, તેનો અનુકુલ ભાવ પ્રગટાવવાની કળા તમારી પાસેજ છે. સુખ ભવિષ્યમાં રહેલું છે એમ માનવું નહીં, ભવિષ્યમાં સુખ મેળવવાની યોજનાઓ ઘડી રાખો, એ પ્રમાણે વર્તવાથી તમો થોડા વખતમાં પઇસાદાર થશો, અને તમારા મનની ઉમેદો પાર પડશે અને તેજ સોનું બનાવવાનો કીમીયો છે.

મહાસય આપ જાણો છો? એક વખત મુબઇ શહેર માછીમાર (કોળીઓના) ઝુંપડાઓથી વસેલું એક નાનુ ગામડું હતુ આજે તેજ મોહમઇ (મુંબઇ) નોકાંઇ અજબ સીતારો છે આખા હીંદુસ્તાનનું પહેલા નંબરનું વહેપારનું બંદર ગણાય છે નાના પ્રકારના વહેપાર ઉધોગ અને હુન્નરો ચાલે છે, આસમાનની સાથે વાતો કરતી મોહોટી ઇમારતો અને વાડી બંગલાઓ દેખાય છે, હજારો મોટરો, બાઇસીકલો. અને ગાડીઘોડાઓ દોડે છે અને લાખો માણસોની રોજીનું સ્થાન થઇ

પડયૂં છે. આ બધું કેમ ફેરવાઇ ગયું તેનો વીચાર કરી જોશો તો સ્પસ્ટ રીતે સમજાસે; હુન્નર ઉદ્યોગ અને વહેપાર રોજગારની ચઢતી થીજ એ પ્રમાણે બન્યું છે તેજ મોહમયી નગરીની અંદર હજારો માણસો પહેરેલાં કપડાં ભેર આવે છે, અને થોડા વખતમાં પઇસાદાર થઇ જાય છે, તે કેવી રીતે થતા હશે! આપ કહેશો કે ભાગ્યની રચના પરંતુ સેવક તે કબુલ કરસે નહીં તેમ આપ પણ વિચારી જોશો તો આપની ખાત્રી થશે કે પુરૂષના ભાગ્ય આડું પાંદડું નથી પરંતુ પ્રયત્ન છે ભાગ્યને આધીન થઇ બેસી નહીં રહેતાં સતત ઉદ્યોગ કરવો એ મનુસ્યની ફરજ છે અને સહાયતા આપવી એ ઇશ્વરની ઇચ્છા છે.

મહાસય આપે અમુક વખતે આપના મીત્રો વગેરને અમુક કોઇ માણસ વીસે એમ કહેલું છે, કે અમુક માણસ પાસે કાંઇ નહોતું હાલ તે અમુક રકમનો આસામી થયો

ઇશ્વર અનુકુળ હોવાથી એમ બન્યું છે તેના ભાગ્યની રચનાથી એમ થય છે. શું એ વાત ખરી છે આપ વિચારી જોસો તો આપની ખાત્રી થશે કે તે વાત ખોટી છે આ કારણથી તે પ્રમાણે શા માટે નહીં બને ભાગ્ય માણસને આધીન છે માણસ ભાગ્યને ખીલવનાર છે. આપની નજર સમક્ષ આપ જોસો તો આપની ખાત્રી થશે કે કાળામાથાના માણસો ધારે તે કરવાને શક્તીમાન છે.

હાલ આપણે આપણી નજર સમક્ષ જોઇએ છીએ કે મનુષ્યે મહાભારત શોધો કરેલી છે રેલવે, મોટર, બાઇસીકલ, વાયરલેસ ટેલીગ્રાફ, ટેલીફોન આગબોટ, ઇલેક્ટ્રીક બતી, અને છેવટે હવાઇ વીમાન વગેરે મનુષ્યનીજ બનવટ છે ઇશ્વર પચંમહાભુતનુ પુતળુ બનાવેલુ છે દરેક મનુષ્યના હાથ પગ, મોંઢુ માથું ઇંદ્રીઓ વીગેરે એક સરખુજ બનાવેલુ છે તેનો સદઉપયોગ કરીને ઇશ્વરે જગતની અંદર

જે નાના પ્રકારના અનેક પદાર્થો બદલાયા છે તેનો કરીમ ફેરફાર કરવાની શકતી દરેક મનુસ્ય માં એક સરખી મુકેલી છે, તેના આધારે આપની સમક્ષ જે ફેરફારો જોવામાં આવે છે તે ફેરફારો થાય છે, અને તે મનુસ્યેજ કરેલા છે તેવાજ પ્રકારના આપ પણ મનુષ્ય છો અને ધારો તે કરવાને શકતીવાન છો અને તેજ સઘુ સોનુ બનાવવાનો કીમીયો છે.

મહાશય આપે સીનેમેટોગરાફના જીવતાં પીકચરો જોયાં હશે અને ફોનોગરાફનાં ગાયનો સાંભળ્યાં હસે, જયારે એ સોધ નવી થઇ હશે અને આપના સાંભળવામાં આવ્યુ હસે કે અમેરીકા દેશના સોધકોએ એક નવી સોધ કરેલી છે કે કપડા ઉપર પીકચરો હાલે છે ચાલે છે અને સંચાની અંદર માણસના આબેહુબ અવાજ સાથે ગાયનો સંભળાય છે ત્યારે આપને નવાઇ લાગી હસે કે એ પ્રમાણે બનવુ અસકય છે અને હંમેશ છે એ પ્રમાણે

કોઇ બને નહીં, પરંતુ જ્યારે આપની સમક્ષ આપ જુઓ છો ત્યારે આપની ખત્રી થતી હશે કે તદન ખરી વાત છે. મનુષ્ય ધારે તે કરવાને શક્તીવાન છે તેવીજ રીતે આપણે પણ કરવાને શક્તીવાન છીએ અને તેજ સાચુ સોનુ બનાવવાનો કીમીયો છે.

મહાશય આવા અનેક વીષયો ઉપર લખવા જેવુ તે મોટાં પુસ્તકોના પુસ્તકો ભરાય અને તેવાં અનેક પુસ્તકો હયાત છે આપે વાંચ્યા હશે અને વાંચશો પરંતુ કોઇ પણ માણસનુ જીવન ચરીત્ર વાંચવાનો વિશેષ ફાળજી રાખજો અને તે જીવન ચરીત્રવાળા મનુષ્યની અને આપની જીન્દગીની તુલના કરજો, એઓના વચમાં જે મુશ્કેલીઓ અને સરલતાઓ દેખાય તેનુ અવલોકન કરીને જે મુશ્કેલીઓ દેખાય તે દુર કરવાને બનતો પ્રયત્ન કરવો તો આપની ધા-લી ધારણા પાર પડસે, અને બીજાઓની બરાબરી કરી શકશો, અને તેજ સોનુ બનાવવાનો કીમીયો છે.

મહાશય આપ સારી રીતે સમજી શકો છો કે એક વખત હીંદુસ્તાન દેશ જાહોજલાલીથી ભરપુર હતો, ઘેરઘેર સોના ચાંદીના વાસણો અને રાજ વઈભવો હતા. જે દેશની આબાદીની વાતો સાંભળીને પરદેશી રાજાઓ તે દેશ મેળવવા માટે વખતો વખત લડાઈઓ કરતા, અને જે દેશ જોવાને માટે પશ્ચીમાત્ય મનુષ્યોને ઇંતેજારી રહેતી તેજ દેશ આજે કેવી સ્થાતીએ પહોંચેલો છે? જે દેશના મનુષ્યો અસલ જંગલી અવસ્થામાં રહેતા તેજ દેશના મનુશ્યો આપણને મન લલચાવનારી નાના પ્રકારની માટીની અને લોખંડની વસ્તુઓ આપી જાય છે અને તેના બદલામાં લાખો કરોડો અને અબજો રૂપીઆનું કાચું સોનું ઘસડી જાય છે, તો પણ આપણો દેશ એવું એક અક્ષય પાત્ર છે કે જેની અંદરથી ખુટી શકે તેમ નથી અને તેવા એક દેશના આપ વતનીઓ છો. એ વાત ધ્યાનમાં રાખવી તેઓ પણ મનુષ્ય છે અને

આપણું પણ મનુસ્ય છીએ હવે ફેર માત્ર એટલોજ છે કે તે દેશના મનુસ્યો સતંત ઉદ્યોગી છે, કાંઇને કાંઇ નવુ સીખવામાં રાત્રી દીવસ અથાગ પરીશ્રમ કરી રહેલા છે. પરીશ્રમથી મેળવેલો પઇસો ભેગો નહી કરતાં તેનો ભોગ આપે છે અને કુદરતિ પેદાસોમાંથી ફેરફારો કરીને સોનુ બનાવે છે આપણે પઇસા ભેગા કરવાનુ મોજ સોખ અને એસ આરામ આળસ અદેખાઇ અને બીજાઓની ખોટી નકલ કરવાનુ જ્ઞાન શીખ્યા છીયે તે પ્રમાણે નહી કરતાં આપણા હાથમાં જે અમુલ્ય વખત આવેલો છે તેનો સદઉપયોગ કરીશું તો આપણી પણ તેવીજ સ્થીતી થશે અને તેજ સાચુ સોનુ બનાવવાનો કીમીયો છે.

મહાશય આપ સારી રીતે સમજી શકશો કે જગતમાં મનુસ્ય જન્મ લે છે ત્યારે નગન અવસ્થામાં જનમે છે. દરેક મનુસ્યે જન્મ લીધો તે વખતે તેની પોતાની પાસે કાંઇજ હોતુ

નથી કોઇ શ્રીમંતના બંગલામાં, તો કોઇ રાજા ના રાજ મહાલયમાં, તો કોઇ ગરીબના ઝુંપડા માં જનમ લે છે. આ પ્રમાણે વસ્તુ સ્થીતી તે વખતે દરેકની સરખીજ હોય છે. વખત અને કળના વહેવા સાથે ઉમર લાયક થવા પછી સ્થીતી બદલાય છે રંક હોય તે રાજા થાય છે, અને રાજા હોય તે રંક થાય છે, આવી નાના પ્રકારની લીલાઓ જોવામાં આવેછે આ ફેરફાર કેવી રીતે થાયછે, અને કોણ કરેછે.આપ કહેસો કે જગતની રચના છે. હું કહેતો નથી પરંતુ આપ વિચારી જોસો તો આપની ખાત્રી થશે, કે તે

મનુશ્યના હાથમાં છે દ્રષ્ટાંત

એક શહેરમાં એકજ વખતે ત્રણ બાળકોનો જન્મ થયો, એક શ્રીમંતના બંગલામાં જનમ્યો છે, બીજો ગરીબના ઝુંપડામાં જનમ્યો છે, અને ત્રીજો ભીલ (કોલી) ના ઝુપડામાં જનમ્યો છે ત્રણેની અવસ્થા તે વખતે સરખીજ છે. ત્રણે બાળકોમાંથી કોઇ કાંઇ સમજતા નથી માતાનું દુધ પીયે છે

અને રૂવે છે, હસે છે, વીગેરે વીગેરે બાળલીલા આ કરે છે જે જગતમાં બાળક માત્ર કરે છે કે પે કરીને બાળકો મોટા થતા ગયા, જે બાળક શ્રીમંતના બંગલામાં જનમ્યો છે તેને કોઈ ચીજની ન્યુનતા નથી, દાશ દાશી ચાકર નોકર વીગેરે બાબ બાઈ કરતાં સુકાઈ જાય છે, પાણી માગે તો દુધ હાજર થાય છે, અને બાબ હસે તો હીરા મળે છે, અને રૂવે તો મોતી પોવાઈ જાય છે, આવી સ્થીતીમાં બાઇ મોટા થાય છે. ગરીબના ઝુપડાંમાં જનમેલા બાળકના મા બાપ ના ઘરમાં દાસ દાસી ચાકર નોકર કાંઈ નથી, કોઈ સંભાળ રાખનાર પણ નથી સવારે ખાય તો સાંજે નકા ને સાંજે ખાય તો સવારે નકા ટંકના પણ ફાકા છે, આવી સ્થીતીમાં તે પણ મોટો થાય છે ત્રીજો બીજાનો છોકરો તે પણ તેવીજ રીતે મોટો થાય છે. દશ બાર વરસના થયા ત્યાં સુધી ત્રણેની મનની સ્થીતી એક સર ખીજ હતી, હવે જ્યારે કાંઈક સમજદારમાં

આવ્યા પછી શ્રીમંતનો પુત્ર મોજ શોખ અને મોટાઈમાં ઉચ્છરેલો હોવાથી સ્વછંદી થયો થોડા વખતમાં તેના મા બાપ લાખો રૂપીઆ નો વારસો આપી ગુજરી ગયા પાછળથી ચીર ભુજંગીઆ સટા, જુગાર, રંડીબાજી, સરતો, સોરટીઆ, દારૂ, ગાંજો, વ્યસનો આદી દુરગુણો માં બધુ પાયમાલ કરી નાખ્યું અને મુફલેસ હાલતમાં આવી ગયો છેવટે નોકરીની શોધ કરવી પડી ગરીબના ઝુંપડાંમાં ઉછરેલા બાળકને સમજ શકતી આવ્યા પછી મારે ક્યાંથી પઇ-સો પેદા કરી લાવવો. અને મા બાપને સુખી કરવાં, આવા વિચારોથી સતત ઉદ્યોગ અને પ્રયત્નથી થોડા વખતમાં લાખો રૂપીઆનો મા-લીક થઇ ગયો અને જેને મજુરી કરતાં પુરૂ પેટ ભરીને ખાવાને મળતુ ન હોતુ તે મોટો નગર શેઠ થઇ ગયો એક જયારે ગુમાવાના ર-સતા શોધે છે, ત્યારે બીજો મેળવવાના રસ્તા શોધે છે, એક જયારે ગુમાવીને કંગાલ નોકરી

સંધે છે ત્યારે બીજા તેજ માણસને પોતાની પાસે નોકરી રાખે છે. ત્રીજા બીજાનો છોકરો રાત દીવસ ચોગીઆ કરી વખતો વખત ફુરંગ માં જાય છે અને સજા ખાય છે. આવા ઘણા દાખલાઓ નજરે જોવામાં આવે છે, ઘણું વર્તમાન પત્રોમાં વાંચ્યા હશે અને વાંચશો ને વેદો અને ઇતીહાસોમાં પણ વાંચ્યાં હસે આ ફેરફાર કેવી રીતે થતો હસે અને કોણ કરતું હશે? આપના સમજવામાં આવશે કે તે મનુષ્ય કરે છે અને તે મનુષ્યના હાથમાં છે. ભાગ્ય આધીન થઇ બેસી રહેનારના ભાગ્યનો ઉદય થતો નથી. પ્રયત્ન કરવા થીજ થાય છે આપણે પણ પ્રયત્ન કરીશું તો આપણું પણ ભાગ્યનો ઉદય થશે અને તેજ સાચું સોનું બનાવવાનો કીમીયો છે.

દોહરો.

વિદ્યા ને હુન્નર કળા, શોધ વિવિધ વહેપાર;
સારી ખાંતથી કરો (એજ)સોનું બનાવવાનાં દ્વાર;

મહાશય જે માણસ સ્વપ્રાક્રમથી પ્રસીધી પામે તે ઉત્તમ. બાપના નામથી ઓળખાય તે મધ્યમ. માતાના નામથી કે મોસાળથી ઓળખાય તેઓ અધમ ગણાય છે, માટે સ્વપ્રાક્રમી થવાની આકાંક્ષા પોતે રાખી બીજાને તેવા થવા ઉપદેશ કરવો. સ્વપ્રાક્રમ એટલે આપબળ કહ્યું છે કે " આપ સમાન બળ નહીં" એ નિયમ પ્રમાણે આપણે આપણું પોતાનું કામ કરવુ હોય તો પોતાની મેળેજ કરવુ. પણ કોઇ બીજો કરી આપશે એવી ખોટી આશા રાખવી નહી, બીજાઓ કદાપી આપણી શરમે કે મહેનતે કરી આપે, તોપણ

જેવી કાળજીથી આપણે કરીએ તેવી કાળજીથી તેઓ કરે નહી, પોતાનું સુધારવું અને બગાડવું એ પોતાનાજ હાથમાં રહેલું છે, કોઈ પણ કામ કરવા માંડવું તે વીચાર કરીને જ કરવા માંડવું કે તે પોતાથી થઇ શકે તેવું છે કે નહી અથવા બીજાની સહાયતા કે બની શકે તેવું ? ! જો પોતાનામાં તે કામ કરવાની શક્તિ હોય તો કરવા માંડવું અને બીજાની મદદની જરૂર પડે તો લેવી પરંતુ કદાપી બીજાની મદદ વગર તે કામ અટકી નહી પડે તેની સાવચેતી રાખવી જે મનુષ્યને પોતાના પ્રાક્રમથીજ હર કોઈ કામ કરવાની ટેવ પડે છે, તેઓ આગળ જતાં મોટાં મહાભારત કામો કરી શકે છે આ જગતમાં કેટલાક મનુષ્યો હલકી પાયરીમાંથી ઉંચે દરજ્જે ચડી ગયા છે તેઓ સ્વપ્રાક્રમથીજ મહાન જગતગુરૂ શંકરાચાર્ય આપ બળથીજ દિગ્વિજય કરી વેદ ધર્મનો

ઉધ્ધાર કર્યો તેવીજ રીતે મહારાજા શીવાજી
અથવ ન સાધારણ મરાઠા સરદારના દીકરા હતા
પરંતુ તેઓએ પોતાની બહાદુરી વડે બળ-
વાન મુસલમાન બાદશાહ સામે ટક્કર લઇ
મરાઠી રાજ્યનો પાયો નાખ્યો અને હિંદુસ્તા-
નમાંથી નાશ થતા હિંદુધર્મનું રક્ષણ કર્યું
મહાન નર નેપોલીયન બોનાપાર્ટ એક ગરીબ
કારીગરનો પુત્ર હતો પરંતુ તેણે આત્મબળ
અને દ્રઢ નીશ્ચયથી આખા યુરોપખંડને
ધ્રુજાવી નાંખ્યો જેમ્સવાટ, કલાઇવ, હૈદર,
કુત્બુદીન, ચારુમતી, કોલંબસ વગેરે નાની
પાયરી ઉપરથી ઉચ્ચસ્થીતીને પ્રાપ્તકરવાને
ભાગ્યશાળી નીવડ્યા તે સ્વઆશ્રય વડેજ
આવા અનેક પુરૂષો જગતની અંદર જન્મ્યા છે
અને જન્મશે તેવાજ આપ પણ એક પુરૂષ
રત્ન છો મારા તે કહેવાને શક્તીવાન છો અને
તેજ સાચું સોનું બનાવવાનો કીમીયો છે.

મહાશય આપ સારી રીતે સમજી શક-
શો કે જે કામ આપ જાતથી થઇ શકે છે તે
બીજાની મદદથી થતું નથી. પારકાની મદદ
મેળવતાં તેના ઓશીયાળા થવું પડે છે, તેટલો
વખત નકામો ગુમાવવો પડે છે, અને તે છતાં પણ
મનની ધારેલી ધારણાઓ પાર પાડી શકાતી
નથી પોતાને કરવાનુ કામ પોતે જ્યારે વખત
મળે ત્યારે મનમાનતું કરી શકાય છે પોતે કરવા
ધારેલુ કામ પહેલીજ વાર કરવા બેસીએ તો
વખતે બરાબર થશે નહી, પરંતુ આગળ
જતાં સુધારો થઇ સારૂ કામ બની શકે
કહેવત છે કે " કામ કામને શીખવે " ઉત્સાહ
અને આગ્રહથી મચ્યા રહેતાં મનુષ્યથી શું થઇ
શકતુ નથી ? ઉલટ ભેર ફરીથી કરો એ નીયમ
હમેશા યાદ રાખવો ઇંગ્રજીમાં કહેવત છે કે
(ટ્રાય અગેન) આગળ અજમાવશ કરો.
પરંતુ પ્રથમજ પારકાની મદદ લેવાની ટેવ પડે

તો આખો જન્મારો તેનાથી સ્વતંત્રપણે કામ કરી શકાતું નથી, અને બીજાની તાબેદારી વેઠવી પડે છે તથા પારકાઓ ઉપર આશાઓ રાખવી પડે છે સહેજ એ દરકારથી થએલું દુઃખ લાખો રૂપીઆ ખરચતાં મટતું નથી પરંતુ શહેજ શંભાળ રાખવાથી આખી જીંદગી સુખરૂપ ગુજરે છે અને તેજ સાચું સોનું બનવાનો કીમીયા છે

મહાશય આપ જાણો છો કે એકજ સ્કુલમાં અને એકજ કલાસમાં અને એકજ સાથે વીસથી ચાલીસ અથવા વધારે ઓછા વિદ્યાર્થીઓ એકજ માસ્તરના હાથ નીચે એકજ સરખુ શીક્ષણ મેળવે છે, શીક્ષકનો ભાવ બધા વિધાર્થીઓ ઉપર એક સરખો હોય છે પરીક્ષક પાસ બધા વિદ્યાર્થીઓને એકજ પ્રકારના સવાલો પુછવામાં આવે છે. જ્યાં કેટલાએક સારા માર્ક મેળવે છે ત્યારે

કેટલાએક નસીબાસ એટલે નાપાસ થાય છે અને પોતાના ભાગ્યનો દોશ કહાડે છે, શુ એ વાત ખરી છે આપ સારી રીતે શમજી શકશો કે તેમાં તેમનો પોતાનોજ દોશ છે ભાગ્ય પોતાની મેળેથી જાગતું નથી જેણે જેવી મેનત અને પ્રયત્ન કર્યો તેને તેવુ ફળ મલ્યું પ્રયત્ન કરનારનો પ્રયત્ન નીશ્ફલ નીવડતો નથી પરંતુ જેઓ બેદરકાર રહે છે તેઓનું એકે કાર્ય સીધ્ધ થતું નથી આંબાના વાવનારને કેરીઓ મળે છે, બોરડીના વાવનારને બોર અને બાવળના વાવનારને શુળો સંપાદન થાયછે થોરીઆ વાવીને ગુલાબની સુગંધ મળતી નથી કહેવત છે કે " વાવે તેવું લણે ".

દ્રષ્ટાંત.

કાગડાને અને પોપટને ઘણી મીત્રાચારી હતી, એક વખતે બને મીત્રોએ મળીને ખેતી કરવાનો વીચાર કર્યો પોપટ અને કાગડો બને પક્ષીઓની આદત જુદાં જુદાં પ્રકારની

હોય છે પોપટ ગરીબ છે ત્યારે કાગડો લુચ્ચો અને ચપળ હોય છે. તેથી કાગડાએ બહાનું કરીને મહેનત કરી નહી, અને પોપટે સારૂ પકવાની આશાથી તન મનથી મહેનત કરી, કેટલાક દીવસે પાક તૈયાર થયો અને ખણુ કરવામાં આવ્યું ખળામાં ઝાટકી ઝુટકી દાણાનો ઢગલો એક બાજુએ કર્યો અને બીજી બાજુએ ફુસાંનો ઢગલો કર્યો, આ બધું કામ પોપટે એકલાએ કર્યું પછી ભાગ વહેંચવાને માટે પ્રમાણીક પણાથી કાગડાને કહેવામાં આવ્યું કે ભાઈ પાક તૈયાર થઈ ગયો છે. માટે ચાલો આપણે વેહેંચી લઈએ, કાગડાએ પોતાની લુચાઈ અને ચપળતાથી પોપટને ઠગવાનો વીચાર કર્યો. અને ત્યાંજ નક્કી કરી લીધું કે આ ઝાડ ઉપરથી આપણે બને સાથે ઉડીએ અને જે ઢગલા ઉપર તું બેસે તે તહારો અને જે ઢગલા ઉપર હું બેસું તે

મ્હારો પોપટે આ વાત કબુલ કરી, અને બન્ને જણ સાથે ઉડ્યા, ખેતર પાસે આવતાં કુંડાનો ઢગલો માહોટો દેખાયો તેથી કાગડો તરતજ તેની ઉપર બેસી ગયો, કણુંના ઢગલા ઉપર પોપટ બેઠો કાગડા એ ચાંચવતી કુંડાં આમ થી તેમ ફેરવ્યાં પણ એક દાણો અનાજનો દેખાયો નહીં તેથી દીલગીર થઈને પોપટને કહેવા લાગ્યો "કુહુ લુહુકા" પોપટે જવાબ આપ્યો રળે તેવું ખા માટે જેટલી આપણી નીતી હોય તેવી બરકત થાય તેમ જેટલી મેહેનત કરીએ તેવું ફળ મળે અને તેજ સાચું સોનું બના-વાનો કીમીયો છે.

મહાશય આપે સાંભળ્યું છે કે સોનું બનાવવાનો કીમીયો છે? અને તે અબધુત, જોગીઓ, અઘોરીઓ ફકીરો વીગેરે જંગલમાં રખડતા અને ધુળ રાખ ડાબડાંમાં બેસીને જીંદગી ગુજારનારા બેવકુફોના હાથમાં છે! શું? આ વાત ખ-

રી છે! હજારો અજ્ઞાન મનુષ્યોની એવી માન્યતા છે અને તેથી હજારો મનુષ્યો તેવા ઢોંગીઓથી કમાઈને ખુણે અને રાખોડીમાં બેસી રહેતા અને આખો દીવસ ગાંજાની ચલમો ફુકતા બાવા, સાધુ જોગી, અને એવાજ બીજા ઢોંગી માણસોની ગુલામગીરી કરવામાં પોતાના અમુલ્ય વખતને નકામો ગાળીને ખોટી લાલચોમાં ફસાઇ પોતાની પાસેના દર દાગીના અને પઈસા ટકા ગુમાવે છે એવી માન્યતા વાળા મનુષ્યોએ વીચાર કરી જોવો કે જો એવી રીતે સોનુ બનતુ હોતતો સોનુ બનાવનાર પોતેજ શા માટે એવી કંગાલ ભીખારી સ્થીતીમાં, ભટકતા ફરતે અને બીજાઓની ઉપર આધાર રાખીને ઘેરેઘેર ભીખ માગે મોટા રાજમહાલયો અને વાડી બંગલામાં શા માટે નહી રહે! શું તેઓને તે પસંદ નથી જો એમજ હોય તો તેવા કામને અજમાયશ ખાતર રાખી જો જો પછી ખાત્રી

થશે કે તેઓ રહે છે કે નહી. મુંબઇમાં વાલ-
કેશ્વર ખાતે ભુરીઓ બાવા તથા શ્રી બાણુગ-
નાથ મહાદેવનાં દુધાહારી મહારાજનાં ફુલો
અજાણ્યાં નથી.

મહાશય આપને ખબર છે કે પશ્ચીમાત્ય
દેશના શોધ ખોળ કરનારાઓ રાત્રી દીવસ
સતત ઉદ્યોગથી અનેક પ્રકારની ન્હાની મોટી
શોધો કરવાને અથાગ પરીશ્રમ કરી રહ્યા છે.
અને ઇશ્વરની શક્તી મેળવાનો દાવો કરવાને
તઇયાર છે રેલવે મોટર, વાયરલેસ ટેલીગ્રાફ,
ઇલેક્ટ્રીક બતી, હવાઇ વીમાન, નકલી આંખો,
નકલી હાથપગ બનાવટી હીરા, માણેક, મોતી
વીગેરે ઝવેરાત બનાવાનો દાવો કર્યો છે અને
બનાવે છે પરંતુ કુદરતની બરાબર કરી શકાતું
નથી. તે બજારમાં બનાવટી માલના નામથી
વેચાય ત્યારે મહાશય આપ વિચારી જુઓ કે
જે ચીજ ઇશ્વરને હસ્ત છે તે બાવા. સાધુ,

જાગી આદી કુર્તુથી મનુષ્યે ને હાથ કેવી રીતે આવી શકે ? સોનું ખાણુમાંથી નીકળે છે, તે કુદરતી પેદાશ છે બનાવવાથી બનતું નથી પરંતુ જો આપ સાહેબ કોઈપણ રીતનો સતત ઉદ્યોગ હુન્નર અથવા વહેપાર કરો, રાત્રી દીવસની ચોવીસ કલાકમાંથી એક મીનીટ પણ નકામી નહીં જવા દેતાં, તેને દરેક કાર્યમાં વહેંચીને વ્યાજબી મેહનત કરવાનું શરૂ કરો તો સમજવું કે સોનાનાં ઝાડ વાવ્યાં છે આ પ્રમાણે મેનત કરતાં જે ફળ મળે તે સોનાનાં ફળ છે ધીરે ધીરે આગળ વધો એ થડ છે તેનો ફેલાવો કરો, તે ડાળાં છે તમારા વહેપારની ચીજ તે પાંદડાં બીજાઓને લાભ કરતાં થયા તે પુષ્પ અને બીયાં છે એકજ ધંધો રોજગાર અથવા હુન્નર જુદા થય તે તેના મુળીયાં છે આ આખુ સોનાનું ઝાડ આપની સમક્ષ રજુ કર્યુ છે સૌ કે એવાજ રીતે સાચા સોનાનું ઝાડ વાવ્યું છે

અને માસીક રૂ. ૨૦૦) ની આવક વાળો સ્વતંત્ર ધંધો ધીકતી હાલતમાં ચલાવે છે અને મહીને દીવસે ચોખું આઠ તોલાને આશરે સોનું બનાવેછે અને બીજાઓને બનાવતાં શીખવે છે મુંબઇમાં આવ્યો ત્યારે માસીક રૂ૦ ૨ાા ની નોકરી કરતો હતો. તે વખત મને યાદ છે. આવકના પ્રમાણમાં ખરચ હતો ક્રમે કરીને આવક વધતિ ગઇ તેમ ખરચ પણ વધતો ગયો, લોભ વધતો ગયો, મોજ સોખ વધતાં ગયાં. જ્ઞાન પણ વધતુ ગયુ જગતની લાલચો પણ વધતી ગઇ તે બધાને પહોંચી વળવાને માટે સેવકની ઇછાઓ પણ વધતી ગઇ અને વધારે સોનુ બને તેવા ઉપાયો શોધવાને જીવ લલચાતો ગયો તે સાથે જન સેવા કરવાની પણ કાંઇક ઇચ્છા થતી ગઈ

મારે આ જગ્યાએ જણાવવું જોઇએ કે મને વરતમાન પત્રો વચવાનો ઘણો સોખ હોવાથી દરરોજ મારા વાંચવામાં નાનાપ્રકારની

જાહેરખબરો આવવા લાગી તેમ જગતની અં-
દર પઇસા મેળાવવાને માટે મનુષ્યો નાના પ્રકાર
ના ઢોંગ સોંગ કરીને અજ્ઞાન લોકોને ફસાવતા
જોવામાં આવયા તે ઉપરથી મને વીચાર થયો
કે આપણા દેશમાં ભોળા અને વેહમી લોકો
ઘણા વસે છે તેઓને ઉપદેશ કરવામાં આવેતો
અયોગ્ય ગણાશે નહી તે ઉપરથી તેઓને ઉપ
દેશ કરવાના વીચારથી એક કાંકરે બે પક્ષી મરે
તેવો કોઇ ઉપાય સોધતાં છેવટે સોનુ બનાવવા
ના કીમીયા તરીકે સેવકને રજુ થવું પડયું અને
સોનુ બનાવવાના કીમીયા તરીકે આ નાનકડો
ઉપદેશ આપની શેવામાં હાજર કરયો છે તેનો
આપની ખુશી પ્રમાણે ઉપયોગ કરો પરંતુ
સેવકની ઇચ્છા એટલીજ છે કે જેઓએ આ
કીમાયો ખરીદ કર્યો હશે તેટલા બધાઓ શોનુ
બનાવતાં શીખે પરંતુ સેંકડે દશ ટકા જેટલો
ભાગ જો તેનો ઉપયોગ કરે તો સેકડે દશ ટકા

જેટલા હળીદ્રી પુરૂશો ઉધોગી થશે અને ખોટી
લાલચોમાંથી ફસાતા બચી જશે તેમ બીજાઓને
તેવી રીતે ઉધોગી થવાને તથા ખોટી લાલચો
માં ફસાતા બચવાને વીનંતી કરશે તો કહો
મહાશય થોડા વખતમાં હીંન્દુસ્તાન દેશ જે
આપની માતૃભુમી છે, તે હળીદ્રી પુરૂશો રહી
ત થશે તેમજ લક્ષાધીપતી અને કરોડપતીઓથી
આપણું દેશ ઉભરાઈ જશે એજ સાચુ સોનુ
બનાવવાનો કીમીયો છે એવી શેવકની માન્યતા
છે અને પ્રભુની પણ એજ મરજી છે.

શાંન્તી શાંન્તી શાંન્તી.

સમાપ્ત.

યાદ રાખવા જોગ સોનેરી શીખામણ

૧--પોતાની ઉમેદ બર લાવવાને માટે ઉમ સચ્ચાઇ ભરેલી, ઉગર પવીત્રાઇ ભરેલું અને કરતુક ભલાઇ ભરેલાં રાખો.

૨—અકલવંત થવું હોય તો મુસકેલીમાં સબુરી, સ્વભાવમાં મીઠાસ અને ઉદ્યોગમાં ઉલટ રાખવી.

૩—વાતચીતમાં હમેશાં મધુર શબ્દો વાપરવા ખરાબ શબ્દો વાપરવાથી ઘણી બુરી અસર થયે છે પોતાના શત્રુને ગોળીથી વીંધવો સારો છે પરંતુ ખરાબ શબ્દોથી વીંધવો નહીં.

૪—પ્રામાણીક પણાથી મહેનત કરો આજની મેહનતનું ફળ કાલે મળે છે શાખી સમજીને કરેલી મેહનતનું ફળમળ્યા વગર રહેતું નથી પછી સારૂં અથવા ખરાબ

૫—પોતાના બચાવ માટે લાખંડની ઢાળ કરતાં સભ્યતા ભરેલી વાણી વધારે મજબુત છે

૬—ઇશ્વર, ગુરૂ, અને સ્વતંત્રતા એ ત્રણેજ મોટા ગણવા.

૭—કરજ, રોગ, અને અગ્ની એ ત્રણેની શેષ પણ રજકણ આપણા ચીજનો નાશ કરે છે માટે તેનો તતકાળ ઉપાય કરવો અને વધવા દેવીજ નહીં

૮—આળસ, નાદાનદોસ્તી, અને સ્ત્રીની અથવા પારકાની ગુલામગીરી એ ત્રણે મોટાઇનો નાશ કરનાર છે માટે તેને આધીન થવુ નહીં.

૯—નાદાન અને નાહીમત હમેશા દુઃખી કરનાર છે.

૧૦—પરધન, પરસ્ત્રી, અને પર નીંદા હમેશા તજવી.

૧૧-ઇજ્જત, અકલ અને ઓળખાણ એ ત્રણેની કીમત પઇસા કરતાં વધારે ગણવી.

૧૨-વહેપારમાં ત્રણ ચીજની મુખ્ય જરૂર છે,

હામ. દામ, અને કામ

૧૩-આરાધના, પ્રાથના. અને ઉત્સવથી ઇશ્વરની ભક્તી કરવી ઇશ્વર એક છે. પ્રજા પ્રતીપાળ છે પોતાની મરજી પ્રમાણે જગત ચલાવે છે અને તેજ સૃષ્ટીનો ઉતપન કરનાર તારનાર અને લય કરનાર છે તેના ઉપર આસ્તા રાખવી અને હરેક કારયનો આરંભ કરવો

૧૪-આત્મા અમર છે અને તે આત્માને પવીત્ર રાખવો.

૧૫-ક્ષમા, શાંતી, શુધતા, નમ્રતા, ઉદ્યોગ, કરકસર, નીશ્ચય, વ્યવસ્થા મૌન્ય, મીતાહાર, અને શદગુણી થવાની હમેશાં આશાઓ રાખવી ઉપરની શીખામણો ચાલવું તેજ સોનું બનાવાનો કીમીઓ છે.